| | |
|---|---|
| દાખલ તારીખ | 16-02-2023 |
| રજીસ્ટર તારીખ | 16-02-2023 |
| ફેંસલ તારીખ | 25-03-2026 |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | ૦૩ – ૦૧–૦૯ |
| **Exh.** | 33 |

---

**નામદાર સાતમા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,
ભુજ–કચ્છ.**

---

**સેશન્સ કેસ નં.૨૪ સને ૨૦૨૩**

**<u>ફોર્મ – '' એ ''</u>**

| **નામદાર સાતમા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ભુજ–કચ્છ.** | |
|---|---|
| ચુકાદા તારીખ | **તારીખ ૨૫ /૦૩/૨૦૨૬** |
| ફોજદારી કેસ સંખ્યા | **૨૪ સને ૨૦૨૩** |
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૦, ૧૮૩, ૧૮૬,૩૭૮,૩૭૯ તથા માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ ૧૯૫૭ ની કલમ–૪(૧), ૪(૧)(એ) તેમજ ૨૧ તથા ગુજરાત મીનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ ૨૦૧૭ નાં નિયમ–૩ નાં ભંગ બદલ તથા ૨૧ મુજબ તેમજ રૂલ્સ–૨૨ માં જણાવ્યા મુજબ શીડયુલ–૩(ડી) ની જોગવાઇઓ મુજબ. |

| | |
|---|---|
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ------ |
| પોલીસ સ્ટેશન | ------ |
| **ફરિયાદી** | **શ્રી સરકાર તરફે ફરિયાદી-ભરતભાઇ ભુલાભાઇ પટેલ** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.મદદનીશ સરકારી વકીલ | **ડી.જે.ઠકકર.** |
| **આરોપીઓ** | (૧) **વિપુલભાઇ કાનાભાઇ બાવા**<br>ઉ.વ.૨૬,ધંધો-ટ્રાન્સપોર્ટ<br>(૨) **બાબુભાઇ નારાણભાઇ આહીર**<br>ઉ.વ.૩૦,ધંધો-મજુરી<br>રહે.બન્ને ગામ-માથક,<br>તા.અંજાર. |
| આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલશ્રી | **ડી.એસ.ઉકાણી.** |

**<u>ફોર્મ-"બી"</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૪/૦૮/૨૦૨૨ અને ૧/૦૯/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ---- |
| આખરી અહેવાલની તારીખ | ૨૦/૦૯/૨૦૨૨ |
| ત્હોમતનામુ ઘડયાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૬/૧૦/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે,તે તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો | --- |

## આરોપીઓની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુન્હાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં.કલમ –૪૨૮ નાં હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **વિપુલભાઇ કાનાભાઇ બાવા** | ----- | ----- | આઇ.પી.સી. કલમ–૧૮૦, ૧૮૩,૧૮૬, ૩૭૮,૩૭૯ તથા માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ ૧૯૫૭ ની કલમ–૪ (૧),૪(૧) (એ) તેમજ ૨૧ તથા ગુજરાત મીનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ–૨૦૧૭ ના નિયમ–૩ નાં ભંગ તથા ૨૧ મુજબ તેમજ રૂલ્સ–૨૨ માં જણાવ્યા મુજબ શીડયુલ–૩ (ડી) ની જોગવાઇઓ | નિર્દોષ | -- | - |
| ૨ | **બાબુભાઇ નારાણભાઇ આહીર** | ----- | ----- | ઉપર મુજબ | નિર્દોષ | -- | - |

## ફોર્મ–સી

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| સાહેદ નંબર | આંક | સાહેદનાં નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૬ | દિલીપ મનસુખભાઇ લકુમ | સાહેદ |
| ૨ | ૨૦ | નિખીલ ઉન્નીભાઇ પોટાયત | સાહેદ |
| ૩ | ૨૨ | ભરતભાઇ ભુલાભાઇ પટેલ | ફરિયાદી |
| ૪ | ૨૭ | જયપાલસિંહ અનિરૂધ્ધસિંહ ગોહિલ | સાહેદ |

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૭ થી ૧૯ | રોજકામ |
| ૨ | ૨૩ | વાહનની વિગતો સાથેનો ફોરવર્ડીંગ લેટર |
| ૩ | ૨૪ અને ૨૫ | પત્રો |
| ૪ | ૨૮ | ફોટોગ્રાફ્સ |
| ૫ | ૨૯ | સી.ડી. |
| ૬ | ૩૦ | પ્રમાણપત્ર |

-// **<u>ચુકાદો</u>** //-

(૧) **<u>ફરિયાદપક્ષનાં કેસની વિગત:</u>**

(૧.૧) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે તારીખ ૨૪/૮/૨૦૨૨ નાં રોજ સવારે ૮.૦૦ વાગ્યે ફરિયાદી તથા માઈન્સ સુપરવાઈઝર શ્રી અંજાર-ગળપાદર હાઈવે ખાતે વાહન ચેકીંગમાં હતા દરમિયાન એક ડમ્પર નં.જી.જે.-૧૨-બી.ડબલ્યુ-૫૪૨૦ જેમાં ભરેલ બ્લેકટ્રેપ (ખનીજ) રોકાવતા ડ્રાઈવર શ્રી(આરોપી નં.૨) ને રોયલ્ટી પાસ અન્વયે પુછતા રોયલ્ટી પાસ ન હોવાનું જણાવતા આગળની કાર્યવાહી અર્થે ડમ્પરનું વજન કરાવતા કુલ ૫૨.૮૭૦ મે.ટન વજન થયેલ જેમાંથી ખાલી ડમ્પરનું વજન ૧૩.૫૦૦ મે.ટન બાદ કરતા કુલ ૩૯.૩૭૦ મે.ટન બ્લેકટ્રેપ ખનીજ ભરેલ હોઈ ડમ્પરનાં માલિક સામે નિયમોનુસાર કાર્યવાહી કરવા અર્થે સદરહુ ડમ્પરને એ.આર.ટી.ઓ.કચેરી,અંજાર-કચ્છનાં કમ્પાઉન્ડમાં પકડીને રાખેલ તે દરમિયાન સવારે ૮.૪૦ કલાકે કાળા રંગની એક બોલેરો ગાડી

નં.જી.જે.–૧૨–સીપી–૮૮૯૨ લઇને ચાર ઇસમો આવીને તેઓની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી ડમ્પર નં.જી.જે.–૧૨–બી.ડબલ્યુ–૫૪૨૦ માં ભરેલ ગેરકાયદેસર બ્લેકટ્રેપ(ખનીજ) ૩૯.૩૭૦ મે.ટન ફરિયાદી પાસેથી ગેરવર્તન કરી રસ્તા પર ડમ્પર ખાલી કરી ભગાડી જઇ પ્રતિ મે.ટન રૂા.૪૫/– લેખે રૂપિયા ૧,૭૭૨/– રોયલ્ટીનાં તેમજ રૂા.૧,૦૦,૦૦૦/– મળી રૂા.૨,૯૮,૬૨૨/– અને તેમ કરી ૩૯.૩૭૦ મે.ટન બ્લેક ટ્રેપ ખનીજનું વહન કરી પ્રતિ મે.ટનનાં રૂા.૯૩.૬/– લેખે રૂા.૩,૬૮૫/– મળી કુલ રૂપિયા ૩,૦૨,૩૦૭/– નું બ્લેક ટ્રેપ ખનીજ વહન કરી ચોરી કરેલ અને બીજીવાર તા:–૦૧/૦૯/૨૦૨૨ નાં રોજ કલાક ૧૭.૩૦ કલાકે તેઓ તથા રોયલ્ટી ઇન્સપેકટર,માઇન્સ સુપરવાઇઝર ગળપાદર હાઇવે ખાતે હુંડાઇ શો રૂમ પાસે વાહન ચેકીંગ દરમિયાન એક ડમ્પર નં.જી.જે.–૧૨–બી.ડબલ્યુ–૫૪૨૦ જેમાં ભરેલ બ્લેકટ્રેપ (ખનીજ) આશરે ૫૦.૦૦ મે.ટન રોકાવતા ડ્રાઇવરશ્રીને રોયલ્ટી અન્વયે પુછતા રોયલ્ટી પાસ ન હોવાનું જણાવતા આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન ખાતે લઇ જતા હતા ત્યારે એક અજાણ્યા વ્યકિત સ્થળ પર આવીને બોલાચાલી કરી ડમ્પર ભરેલ ખનીજ બ્લેકટ્રેપ ખાલી કરીને લઇ જઇ પ્રતિ મે.ટન રૂા.૫,૦૦૦/– લેખે રૂા.૨,૫૦,૦૦૦/–, પ્રતિ મે.ટન રૂા.૪૫/– લેખે રૂા.૨,૨૫૦/– રોયલ્ટીનાં તેમજ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ રૂા.૩,૫૨,૨૫૦/– અને તેમ કરી ૩૯.૩૭૦ મે.ટન બ્લેક ટ્રેપ ખનીજનું વહન કરી પ્રતિ મે.ટનનાં રૂા.૯૩.૬ લેખે રૂપિયા ૪,૬૮૦/– મળી કુલ રૂા.૩,૫૬,૯૩૦/– નું બ્લેકટ્રેપ ખનીજ વહન કરી ચોરી કરી ગુન્હો કરેલ.

**<u>ચાર્જશીટ તથા કમીટ અંગેની કાર્યવાહી</u>**

(૨) ઉપરોકત વિગતવારની ફરિયાદ/ચાર્જશીટ ફરિયાદીએ અંજારનાં વિ.અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની અદાલત સમક્ષ રજુ કરેલ.જે અંજાર કોર્ટનાં ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૧૦૨૦/૨૦૨૨

થી નોંધવામાં આવેલ.

(૩) આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ.ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધનાં ગુન્હાની કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સ્પેશ્યલ અદાલતને હોવાથી વિ.અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,અંજાર–કચ્છનાંઓ ધ્વારા સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે તા:–૧૬/૦૧/૨૦૨૩ નાં હુકમથી સેશન્સ અદાલતમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવતા સદર કેસ સેશન્સ કેસ નં.૨૪/૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**<u>ચાર્જફ્રેમ</u>**

(૪) ત્યારબાદ આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક:–૧૦ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૦, ૧૮૩, ૧૮૬,૩૭૮,૩૭૯ તથા માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ ૧૯૫૭ ની કલમ–૪(૧), ૪(૧)(એ) તેમજ ૨૧ તથા ગુજરાત મીનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઇલીગલ માઇનીંગ ટ્રાન્સપોટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ ૨૦૧૭ નાં નિયમ–૩ નાં ભંગ બદલ તથા ૨૧ મુજબ તેમજ રૂલ્સ–૨૨ માં જણાવ્યા મુજબ શીડયુલ–૩(ડી) ની જોગવાઇઓ મુજબનાં ગુન્હાઓનું ત્હોમતનામું ફરમાવી વાંચી સંભળાવી અનુક્રમે આંક:–૧૧ અને આંક:–૧૨ થી આરોપીઓનું નિવેદન લેવામાં આવેલ અને આરોપીઓ ધ્વારા ગુન્હાનો ઇન્કાર કરી કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી.

(૫) ત્યારબાદ આ કામે ઉપરોકત ફોર્મ–સી મુજબનાં સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આંક:–૩૧

થી ડ્રોપ પુરશીશ અને આંક:–૩૨ થી પુરાવો પુરો થયાની પુરશીશ રજુ કરેલ છે.

## ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું આરોપીઓનું વિશેષ નિવેદન

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલુ.જેમાં આરોપીઓ ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત સ્વીકારી, બાકીનાં ફરિયાદપક્ષનાં તેઓ વિરૂધ્ધનાં અન્ય પુરાવાની હકીકત અંગે ખોટી વાત હોવાનું,ખોટા ઉભા કરેલા હોવાનું,ખોટી ફરિયાદ હોવાનું જણાવી સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવનાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે,તેઓએ કોઇ ગુન્હો કરેલ નથી,તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

## ફરિયાદપક્ષની દલીલ :–

(૭) સદર કામમાં વિ.એ.પી.પી.શ્રી ડી.જે.ઠકકરે પોતાની દલીલમાં જણાવેલ છે કે આરોપીઓએ બ્લેક ટ્રેપ ખનીજનું ગેરકાયદેસર વહન કરતા પકડાઇ ગયેલ અને ત્યારબાદ ફરિયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી ગેરવર્તન કરી,બોલાચાલી કરી પકડાયેલ બ્લેક ટ્રેપ ખનીજ રસ્તા પર ખાલી કરી ભગાડી જઇ બ્લેક ટ્રેપ ખનીજ વહન કરી ચોરી કરેલ છે. આરોપીઓ વિરૂધ્ધનું ત્હોમત પુરવાર કરવા માટે તપાસવામાં આવેલ ફરિયાદી અને સાહેદે કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે.જેથી ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરેલ હોઇ આરોપીઓને કાયદામાં ફરમાવેલ સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

## બચાવપક્ષની દલીલ:–

(૮) સદર કામમાં આરોપીઓનાં વિ.વકીલ શ્રી ડી.એસ.ઉકાણીએ

પોતાની દલીલમાં જણાવેલ છે કે ફરિયાદી ખાણ ખનીજ વિભાગનાં કર્મચારી છે અને તેમણે ફરિયાદની હકીકતને સમર્થન આપેલ છે અને અન્ય સાહેદો પણ ખાણ ખનીજ વિભાગનાં કર્મચારીઓ છે તેઓએ પણ કેસની હકીકતને સમર્થન કરેલ છે પરંતુ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો લેવામાં આવેલ નથી.ફરિયાદ ઓગણીસ દિવસ મોડી આપવામાં આવેલ છે.જેથી માત્ર ફરિયાદી તથા અન્ય હિત ધરાવતા સાહેદોનાં પુરાવાનાં આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯) આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદાઓ:–</u>**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,તારીખ ૨૪/૮/૨૦૨૨ અને તા:–૧/૯/૨૦૨૨ નાં રોજ ગળપાદર હાઇવે ખાતે આરોપીઓએ ડમ્પર નં.જી.જે.–૧૨–બી.ડબલ્યુ–૫૪૨૦ માં ૩૯.૩૭૦ મે.ટન કુલ રૂા.૩,૦૨,૩૦૭/– તથા રૂા.૩,૫૬,૯૩૦/– નું બ્લેક ટ્રેપ ખનીજનું ગેરકાયદેસર વહન કરતા પકડાઇ જઇ અને ત્યારબાદ જે જગ્યાએ તે ડમ્પર રાખવામાં આવેલ ત્યાં બોલેરો ગાડીથી જઇ કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી,ગાળાગાળી કરી,ગેરવર્તન કરી, બોલાચાલી કરી ડમ્પર ભરેલ ખનીજ બ્લેક ટ્રેપ ખાલી કરી લઇ જઇ ચોરી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૦, ૧૮૩, ૧૮૬,૩૭૮,૩૭૯ તથા માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ ૧૯૫૭ ની કલમ–૪(૧), ૪(૧)(એ) તેમજ ૨૧ તથા ગુજરાત મીનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઇલીગલ માઇનીંગ ટ્રાન્સપોટેશન એન્ડ

સ્ટોરેજ રૂલ્સ ૨૦૧૭ નાં નિયમ–૩ નાં ભંગ બદલ તથા ૨૧ મુજબ તેમજ રૂલ્સ–૨૨ માં જણાવ્યા મુજબ શીડયુલ–૩(ડી) ની જોગવાઇઓ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

<u>નિર્ણયો:–</u>

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

::– <u>કારણો</u> ::–

<u>મુદા નંબર (૧) ની ચર્ચા:–</u>

(૧૧) ફરિયાદપક્ષે માઇન્સ સુપરવાઈઝર દિલીપ મનસુખભાઇ લકુમે આંક:–૧૬ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તા:–૨૪–૦૮–૨૦૨૨ નાં રોજ તેઓ અંજાર મુકામે માઇન્સ સુપરવાઈઝર ખાણ ખનીજ વિભાગમાં ફરજ પર હતા તે દરમિયાન સવારે આશરે આઠેક વાગ્યે અંજાર–ગળપાદર હાઈવે પાસે ખાનગી વાહનમાં ચેકીંગ દરમિયાન ડમ્પર નં.જી. જે.–૧૨–બી.ડબલ્યુ–૫૪૨૦ માં બ્લેકટ્રીપ ખનીજ ભરેલ હોવાનું જણાતા સદરહુ ડમ્પરને તપાસ અર્થે રોકાવેલ તથા ડ્રાઈવર પાસે સદર ડમ્પરમાં ભરેલ ખનીજ અંગેનાં આધાર પુરાવા માંગતા ડમ્પર ચાલક ધ્વારા રોયલ્ટી પાસ કે કોઈ અન્ય આધાર પુરાવા રજુ કરેલ ન હતા,જેથી સદર ડમ્પરને વજન કરાવીને જુની આર.ટી.ઓ.કચેરીનાં કમ્પાઉન્ડ ખાતે રાખવામાં આવેલ અને તે દરમિયાન ડમ્પરનાં વાહન માલિક એક કાળા કલરની બોલેરો લઈને આવેલા અને તેમાંથી ડમ્પર માલિક તથા બે ઈસમો ઉતરેલ અને તપાસ ટીમ સાથે ગાળાગાળી કરીને ખનીજ ભરેલ ડમ્પરને ભગાડી ગયેલ અને સદરહુ ડમ્પરમાં ભરેલુ ખનીજ રસ્તામાં ખાલી કરી

નાખેલ.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ ફરીથી તા:-૧/૯/૨૦૨૨ નાં રોજ મોજે અંજાર ગળપાદર હાઈવે ખાતે હુન્ડાઈ શો રૂમનાં પુલ પાસે ઉકત ડમ્પરવાળાને ફરીથી બ્લેક ટ્રેપ ખનીજ ભરેલ પકડેલ તે દરમિયાન પણ ડમ્પરનાં માલિક તથા ડ્રાઈવર ધ્વારા ડમ્પર ભગાડી ગયેલ.વધુમાં જણાવેલ છે કે તપાસ દરમિયાન ડમ્પર ચાલક પાસેથી રેડમી નો મોબાઈલ તથા એક ચાવી કબ્જે કરવામાં આવેલી તે અંગેનું રોજકામ કરવામાં આવેલુ.વધુમાં તેઓને તા:-૨૪/૮/૨૦૨૨,તા:-૦૧/૦૯/૨૦૨૨ તથા તા:-૨/૯/૨૦૨૨ નાં રોજકામ બતાવતા તે તેજ હોવાનું જણાવી તેમાં તેમની તથા તેમના અધિકારીઓની સહી ઓળખી બતાવે છે.સદરહુ રોજકામ અનુક્રમે આંક:-૧૭ થી આંક:-૧૯ સુધી રજુ છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર નથી જો હાજર હોય તો જોયેથી ઓળખી શકે.

(૧૧.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે હાલનાં કેસમાં તેઓએ ટ્રેપ વખતે કોઈ સ્વતંત્ર પંચો બોલાવી પંચનામુ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે ટ્રેપ વખતે તેઓએ કોઈ વાહન ચાલક કે અજાણ્યા ઈસમોનાં નામ સરનામા પણ પુછેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે રોડ ઉપર પડેલ ખનીજનું પંચનામુ પણ તેઓએ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓએ તેમની તમામ કામગીરીમાં અજાણ્યા ઈસમો તરીકે નામ લખાવેલ છે.તે વાત કબુલ કરેલ છે કે વાહન માલિકની વિગત આર.ટી.ઓ.કચેરી પાસેથી તેમની કચેરી ધ્વારા માંગવામાં આવેલ.તે વાત કબુલ કરેલ છે કે આર.ટી.ઓ.કચેરી ધ્વારા તેમની કચેરીને વાહન માલિકની વિગત આપ્યા બાદ તેમની કચેરીનાં અધિકારી ધ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવેલ.તે વાત કબુલ કરેલ છે કે તેઓએ વજનકાંટો કરનાર અધિકારીનો કોઈ નિવેદન લીધેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે વે-બ્રીજ કચેરીમાં લાગેલ સી.સી.ટી.વી.કેમેરાનાં ફુટેજ પણ તેઓએ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે ફરજમાં રૂકાવટ અંગેની કોઈ ફરિયાદ તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનમાં આપેલ નથી કે તે અંગેની જાણ

કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે આ કેસનાં કામે તેઓએ કોઈ મુદામાલ કબ્જે કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે કહેવાતુ ખનીજ કયાંથી લઈ આવેલા તેની તેઓને કોઈ જાતમાહિતી નથી.

(૧૨) ફરિયાદપક્ષે રોયલ્ટી ઈન્સપેકટર નિખીલ ઉન્નીભાઈ પોટાયતે આંક:-૨૦ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તા:-૧/૯/૨૦૨૨ નાં રોજ તેઓ અંજાર મુકામે રોયલ્ટી ઈન્સપેકટર ખાણ ખનીજ વિભાગમાં ફરજ પર હતા તે દરમિયાન સવારે આશરે આઠેક વાગ્યે અંજાર -ગળપાદર હાઈવે પાસે ખાનગી વાહનમાં ચેકીંગ દરમિયાન ડમ્પરનં.જી.જે.-૧૨-બી.ડબલ્યુ-૫૪૨૦ માં બ્લેકટ્રેપ ખનીજ ભરેલ હોવાનું જણાતા સદર ડમ્પરને તપાસ અર્થે રોકાવેલ તથા ડ્રાઈવર પાસે સદર ડમ્પરમાં ભરેલ ખનીજ અંગેનાં આધાર પુરાવા માંગતા ડમ્પર ચાલક ધ્વારા રોયલ્ટી પાસ કે અન્ય કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હતા,જેથી સદર ડમ્પરને વજન કરાવીને જુની આર.ટી.ઓ.કચેરીનાં કમ્પાઉન્ડ ખાતે રાખવામાં આવેલ અને તે દરમિયાન ડમ્પરનાં વાહન માલિક એક કાળા કલરની બોલેરો લઈને આવેલા અને તેમાંથી ડમ્પર માલિક તથા બે ઈસમો ઉતરેલ અને તપાસ ટીમ સાથે ગાળાગાળી કરીને ખનીજ ભરેલ ડમ્પરને ભગાડી ગયેલ અને સદરહુ ડમ્પરમાં ભરેલુ ખનીજ રસ્તામાં ખાલી કરી નાખેલ.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ ફરીથી તા:-૧/૯/૨૦૨૨ નાં રોજ મોજે અંજાર ગળપાદર હાઈવે ખાતે હુન્ડાઈ શો રૂમનાં પુલ પાસે ડમ્પર નં.જી.જે.-૧૨-બી ડબલ્યુ-૫૪૨૦ વાળાને બ્લેક ટ્રેપ ખનીજ ભરેલ પકડેલ તે દરમિયાન સદરહુ ડમ્પરને તપાસ અર્થે રોકાવેલ તથા ડ્રાઈવર પાસે સદર ડમ્પરમાં ભરેલ ખનીજ અંગેનાં આધાર પુરાવા માંગતા ડમ્પર ચાલક ધ્વારા રોયલ્ટી પાસ કે અન્ય કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હતા તેમજ આ ડમ્પર ચાલક સ્થળ પરથી ડમ્પરમાં ભરેલ ખનીજ ખાલી કરીને ડમ્પર સાથે ત્યાંથી નાશી ગયેલ અને તે સમયે ડમ્પર ચાલકની સાથે અન્ય એક વ્યકિત પણ હતા.વધુમાં જણાવેલ છે કે તપાસ દરમિયાન ડમ્પર ચાલક પાસેથી રેડમી નો

મોબાઈલ તથા એક ચાવી કબ્જે કરવામાં આવેલી તે અંગેનું રોજકામ કરવામાં આવેલુ.વધુમાં જણાવેલ છે કે તપાસ દરમિયાન ડમ્પર ચાલક પાસેથી રેડમી નો મોબાઈલ તથા એક ચાવી કબ્જે કરવામાં આવેલી તે અંગેનું રોજકામ કરવામાં આવેલુ.વધુમાં તેઓને આંક:-૧૮ તથા આંક:-૧૯ વાળા તારીખ ૦૧/૦૯/૨૦૨૨ તથા તા:-૨/૯/૨૦૨૨ નાં રોજકામ બતાવતા તે તેજ હોવાનું જણાવી તેમાં તેમની તથા તેમના અધિકારીઓની સહી ઓળખી બતાવે છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓને તેઓ ઓળખતા નથી.

(૧૨.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે હાલનાં કેસમાં તેઓએ ટ્રેપ વખતે કોઇ સ્વતંત્ર પંચો બોલાવી પંચનામુ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે ટ્રેપ વખતે તેઓએ કોઇ વાહન ચાલક કે અજાણ્યા ઈસમોનાં નામ,સરનામા પણ પુછેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે રોડ ઉપર પડેલ ખનીજનું પંચનામુ પણ તેઓએ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓએ તેમની તમામ કામગીરીમાં અજાણ્યા ઈસમો તરીકે નામ લખાવેલ છે.તે વાત કબુલ કરેલ છે કે વાહન માલિકની વિગત આર.ટી.ઓ.કચેરી પાસેથી તેમની કચેરી ધ્વારા માંગવામાં આવેલ.તે વાત કબુલ કરેલ છે કે આર.ટી.ઓ.કચેરી ધ્વારા તેમની કચેરીને વાહન માલિકની વિગત આપ્યા બાદ તેમની કચેરીનાં અધિકારી ધ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવેલ.તે વાત કબુલ કરેલ છે કે ફરજમાં રૂકાવટ અંગેની કોઈ ફરિયાદ તેઅઓ સબંધિત પોલીસ સ્ટેશનમાં આપેલ નથી કે તે અંગેની જાણ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે આ કેસનાં કામે તેઓએ કોઈ મુદામાલ કબ્જે કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે કહેવાતુ ખનીજ કયાંથી લઈ આવેલા તેની તેઓને કોઈ જાતમાહિતી નથી.

(૧૩) ફરિયાદપક્ષે ફરિયાદી ભરતભાઈ ભુલાભાઈ પટેલે આંક:-૨૨ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે સને-૨૦૨૨ માં તેઓ રોયલ્ટી ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન બનાવવાળા દિવસે સવારે આશરે આઠેક વાગ્યે

અંજાર–ગળપાદર હાઇવે પાસે ખાનગી વાહન ચેકીંગ દરમિયાન ડમ્પર નં.જી. જે.–૧૨–બી.ડબલ્યુ–૫૪૨૦ માં બ્લેકટ્રેપ ખનીજ ભરેલ હોવાનું જણાતા સદર ડમ્પરને તપાસ અર્થે રોકાવેલ તથા ડ્રાઇવર પાસે સદર ડમ્પરમાં ભરેલ ખનીજ અંગેનાં આધાર પુરાવા માંગતા ડમ્પર ચાલક ધ્વારા રોયલ્ટી પાસ કે અન્ય કોઇ આધાર પુરાવા રજુ કરેલ ન હતા,જેથી સદર ડમ્પરને વજન કરાવીને જુની આર. ટી. ઓ.કચેરીનાં કમ્પાઉન્ડ ખાતે રાખવામાં આવેલ અને તે દરમિયાન ડમ્પરનાં વાહન માલિક એક કાળા કલરની બોલેરો લઇને આવેલા અને તેમાંથી ડમ્પર માલિક તથા બે ઇસમો ઉતરેલ અને તપાસ ટીમ સાથે ગાળાગાળી કરીને ખનીજ ભરેલ ડમ્પરને ભગાડી ગયેલ અને સદરહુ ડમ્પરમાં ભરેલુ ખનીજ રસ્તામાં ખાલી કરી નાખેલ.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ ફરીથી તા:–૧/૯/૨૦૨૨ નાં રોજ મોજે અંજાર ગળપાદર હાઇવે ખાતે હુન્ડાઇ શો રૂમનાં પુલ પાસે ઉપરોકત ડમ્પરને ફરીથી બ્લેક ટ્રેપ ખનીજ ભરેલ પકડેલ તે દરમિયાન પણ ઉકત ડમ્પરનાં માલ્કિ તથા ડ્રાઇવર ડમ્પર ભગાડી ગયેલ,જે ડમ્પર ચાલક પાસેથી રેડમી નો મોબાઇલ તથા એક ચાવી કબ્જે કરવામાં આવેલી તે અંગેનું રોજકામ કરવામાં આવેલુ.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ બ્લેક કલરની બોલેરો નં.જી.જે.–૧૨–સી.પી.–૮૮૯૨ લઇને આવેલા હતા.વધુમાં જણાવેલ છે કે ડમ્પરનું વજન કરવામાં આવેલુ, જેમાં ૩૯.૩૭ મેટ્રીક ટન બિનઅધિકૃત બ્લેક ટ્રેપ ખનીજ ભરેલુ હતુ અને તે સબંધેની વસુલાતની રકમ રૂા.૩,૦૨,૩૦૭/– વસુલવાની બાકી હતી.વધુમાં જણાવેલ છે કે આરોપી વિરૂધ્ધ માઇન્સ એન્ડ મીનરલ્સની જોગવાઇ મુજબ ગુન્હો બનતો હોઇ આરોપીઓ વિરૂધ્ધ નામદાર અદાલતમાં ફરિયાદ દાખલ કરેલી.વધુમાં તેઓને જુબાની દરમિયાન આંક:–૧ વાળી ફરિયાદ બતાવતા તેમાં ફરિયાદી તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.વધુમાં જણાવેલ છે કે આ બનાવ બન્યો ત્યારે તેમની સાથે માઇન્સ સુપરવાઇઝર દિલીપભાઇ નકુમ હતા.વધુમાં તેઓને જુબાની દરમિયાન આંક:–૧૭ થી ૧૯ વાળા દસ્તાવેજ બતાવતા તે તેજ હોવાનું જણાવી તેમાં તેમની તથા તેમની કચેરીનાં

અધિકારીઓની સહી ઓળખી બતાવે છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન આર.ટી.ઓ. કચેરી ધ્વારા વાહનની વિગતો સાથે ફોરવર્ડીંગ લેટર લખેલ તે બતાવતા તે તેમની કચેરીને મળેલ તેજ છે તેમ જણાવી તેમાં તેમની કચેરીને મળ્યા બદલ સહી તથા સિકકો છે તેમ જણાવે છે.સદરહુ ફોરવર્ડીંગ લેટર આંક:–૨૩ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન આર.ટી. ઓ. કચેરી ધ્વારા વાહન નં.જી.જે.–૧૨–બી.ડબલ્યુ–૫૪૨૦ તથા જી.જે.–૧૨–સી. પી.–૮૮૯૨ ની વિગતો સાથે મોકલાવતો પત્રની પ્રમાણિત નકલ બતાવતા તે તેમની કચેરીને મળેલ તેજ છે તેમ જણાવે છે.સદરહુ પત્રો આંક:–૨૪ તથા ૨૫ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ નામદાર અદાલતમાં હાજર છે અને તેને જોયેથી ઓળખી બતાવે છે.

(૧૩.૧) સદરહુ ફરિયાદીની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે હાલનાં કેસમાં તેઓએ ટ્રેપ વખતે કોઇ સ્વતંત્ર પંચો બોલાવી પંચનામુ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે ટ્રેપ વખતે તેઓએ કોઇ વાહન ચાલક કે અજાણ્યા ઇસમોનાં નામ,સરનામા પણ પુછેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે રોડ ઉપર પડેલ ખનીજનું પંચનામુ પણ તેઓએ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓને આર.ટી.ઓ.કચેરી ધ્વારા વાહનની વિગતો મળી ગયા બાદ તેઓએ ફરિયાદ કરેલી.તે વાત કબુલ કરેલ છે કે તેઓએ તેમની તમામ કામગીરીમાં અજાણ્યા ઇસમો તરીકે નામ લખાવેલ છે.તે વાત કબુલ કરેલ છે કે વાહન માલિકની વિગત આર.ટી.ઓ.કચેરી પાસેથી તેમની કચેરી ધ્વારા માંગવામાં આવેલ. તે વાત કબુલ કરેલ છે કે તેમણે વજનકાંટો કરનાર અધિકારીનો કોઇ નિવેદન લીધેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે વે–બ્રીજ કચેરીમાં લાગેલ સી.સી. ટી.વી.કેમેરાનાં ફુટેજ પણ તેઓએ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે ફરજમાં રૂકાવટ અંગેની કોઇ ફરિયાદ તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનમાં આપેલ નથી કે તે અંગેની જાણ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે આ કેસનાં કામે તેઓએ કોઇ મુદામાલ કબ્જે કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે

કહેવાતુ ખનીજ કયાંથી લઇ આવેલા તેની તેઓને કોઇ જાતમાહિતી નથી.

(૧૪) ફરિયાદપક્ષે સિકયુરીટી ગાર્ડ જયપાલસિંહ અનિરૂધ્ધસિંહ ગોહીલે આંક:-૨૭ થી પુરાવો આપેલ છે.સદરહુ સાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે સને-૨૦૨૨ માં તેઓ સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન બનાવવાળા દિવસે આશરે આઠેક વાગ્યે અંજાર-ગળપાદર હાઇવે પાસે ખાનગી વાહનમા ચેકીંગ દરમિયાન ડમ્પર નં.જી.જે.-૧૨-બી.ડબલ્યુ -૫૪૨૦ માં બ્લેક ટ્રેપ ખનીજ ભરેલ હોવાનું જણાતા સદર ડમ્પરને તપાસ અર્થે રોકાવેલ તથા ડ્રાઇવર પાસે સદર ડમ્પરમાં ભરેલ ખનીજ અંગેનાં આધાર પુરાવા માંગતા ડમ્પર ચાલક ધ્વારા રોયલ્ટી પાસ કરે અનય કોઇ આધાર પુરાવા રજુ કરેલ ન હતા,જેથી સદર ડમ્પરને વજન કરાવીને જુની આર. ટી.ઓ.કચેરીનાં કમ્પાઉન્ડ ખાતે રાખવામાં આવેલ અને તે દરમિયાન ડમ્પરનાં વાહન માલિક એક કાળા કલરની બોલેરો લઇને આવેલા અને તેમાંથી ડમ્પર માલિક તથા બે ઇસમો ઉતરેલ અને તપાસ ટીમ સાથે ગાળાગાળી કરીને ખનીજ ભરેલ ડમ્પરને ભગાડી ગયેલ અને સદરહુ ડમ્પરમાં ભરેલુ ખનીજ રસ્તામાં ખાલી કરી નાખેલ.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ ફરીથી તા:-૧/૯/૨૦૨૨ નાં રોજ મોજે અંજાર ગળપાદર હાઇવે ખાતે હુન્ડાઇ શો રૂમનાં પુલ પાસે ઉકત ડમ્પરવાળાને ફરીથી બ્લેક ટ્રેપ ખનીજ ભરેલ પકડેલ તે દરમિયાન પણ ડમ્પરનાં માલિક તથા ડ્રાઇવર ધ્વારા ડમ્પર ભગાડી ગયેલ.વધુમાં જણાવેલ છે કે તપાસ દરમિયાન ડમ્પર ચાલક પાસેથી રેડમી નો મોબાઇલ તથા એક ચાવી કબ્જે કરવામાં આવેલી તે અંગેનું રોજકામ કરવામાં આવેલ.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ બ્લેક કલરની બોલેરો નં.જી.જે.-૧૨-સી.પી.-૮૮૯૨ લઇને આવેલા હતા.વધુમાં જણાવેલ છે કે ડમ્પરનું વજન કરવામાં આવેલુ, જેમાં ૩૯.૩૭ મેટ્રીક ટન બિનઅધિકૃત બ્લેક ટ્રેપ ખનીજ ભરેલુ હતુ.વધુમાં જણાવેલ છે કે આરોપી વિરૂધ્ધ માઇન્સ એન્ડ મીનરલ્સની જોગવાઇ મુજબ ગુન્હો બનતો હોઇ આરોપીઓ વિરૂધ્ધ નામદાર

અદાલતમાં ફરિયાદ દાખલ કરેલી.વધુમાં જણાવેલ છે કે આ બનાવ બન્યો ત્યારે તેમની સાથે માઇન્સ સુપરવાઇઝર દિલીપભાઇ નકુમ તથા ભરતભાઇ પટેલ,રોયલ્ટી ઇન્સપેકટર હતા.વધુમાં જણાવેલ છે કે બનાવ સમયે તેઓએ જે તે વખતે તેમની પાસે રહેલ મોબાઇલમાંથી બનાવવાળી જગ્યા અને થયેલ કાર્યવાહી અંગેનાં ફોટોગ્રાફ લીધેલા તથા વિડીયોગ્રાફી કરેલી.વધુમાં તેઓને જુબાની દરમિયાન ફોટો નંગ-૫ બતાવતા તે તેજ હોવાનું જણાવી ઓળખી બતાવે છે.સરદહુ ફોટોગ્રાફસ આંક:-૨૮ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે તે ફોટોગ્રાફ તેમણે ડેવલોપ કરાવી ફરિયાદી ભરતભાઇ પટેલને આપેલા જે તેનાં મૂળ સ્વરૂપમાં છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન બનાવવાળી જગ્યાએ થયેલી કાર્યવાહીની સી.ડી.નામદાર અદાલતમાં પ્લે કરી બતાવતા તે તેજ હોવાનું જણાવી ઓળખી બતાવે છે.સદરહુ સી.ડી.આંક:-૨૯ થી રજુ છે. વધુમાં જણાવેલ છે કે તેમના મોબાઇલમાં કરેલ વિડીયોગ્રાફી તેમણે તેમની કચેરીનાં કોમ્પ્યુટરમાં ટ્રાન્સફર કરી તેની સીડી બનાવી ભરતભાઇ પટેલને આપેલા,જે તેનાં મૂળ સ્વરૂપમાં છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન પ્રમાણપત્ર બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ પ્રમાણપત્ર આંક:-૩૦ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ નામદાર અદાલતમાં હાજર છે,તેને જોયેથી ઓળખી બતાવે છે.

(૧૪.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે આંક:-૨૮ વાળા ફોટોમાં ગાડી સાથે આરોપીની કોઇ હાજરી નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમની સાથે બોલાચાલી અને ઝઘડો થયેલ હોય તે અંગે ફરિયાદ કોઇ સબંધિત પોલીસ સ્ટેશનમાં કરેલ નહી.વધુમાં જણાવેલ છે કે હાલનાં કેસમાં તેઓએ ટ્રેપ વખતે કોઇ સ્વતંત્ર પંચ બોલાવી પંચનામુ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે રોડ ઉપર પડેલ ખનીજનું પંચનામુ તેઓનાં અધિકારીએ કરેલ કે કેમ તેની તેમને ખબર નથી.તે વાત કબુલ કરેલ છે કે આ કેસનાં કામે તેઓ કોઇ મુદામાલ કબ્જે કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમનો

મોબાઇલ તેમણે તેમના અધિકારીને આપેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે કહેવાતુ ખનીજ કયાંથી લઇ આવેલા તેની તેઓને કોઇ જાતમાહિતી નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમના મોબાઇલમાંથી તેમણે ડેટા સીડીમાં ટ્રાન્સફર કરેલા તેનુ કોઇ પંચનામુ કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે સોફ્ટવેર કે ડેટા ટ્રાન્સફર અંગે તેમણે કોઇ અભ્યાસ કરેલ નથી.

(૧૫) ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂઘ્ધનો પોતાનો કેસ પુરવાર કરવા જે સાહેદોને તપાસવામાં આવેલા છે.તે પૈકી આંક-૧૬ થી સાહેદ દિલીપ મનસુખભાઇ લકુમ,માઇન્સ સુપરવાઇઝર,આંક:-૨૦ થી સાહેદ નિખીલ ઉન્નતભાઇ પોટાચત (રોયલ્ટી ઇન્સપેકટર) તથા આંક:-૨૨ થી ફરિયાદી ભરતભાઇ ભુલાભાઇ પટેલ(રોયલ્ટી ઇન્સપેકટર) નાંઓને તપાસવામાં આવેલ છે તેમજ આ તમામ સાહેદો પોતાની સરતપાસમાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારક જુબાની આપે છે તેમજ તા. ૨૪/૦૮/૨૨ નાં રોજ ચેકીંગ દરમિયાન અંજાર-ગળપાદર હાઇવે પાસેથી ડમ્પર નં.જી.જે.-૧૨-બી.ડબલ્યુ-૫૪૨૦ બ્લેક ટ્રેપ ખનીજ ગેરકાયદેસરરીતે રોયલ્ટી ભર્યા વગર પકડેલુ અને તેનું વજન કરાવી જુની આર.ટી.ઓ.કચેરીનાં કમ્પાઉન્ડ પાસે રાખેલુ દરમિયાન ડમ્પરનાં વાહન માલિક એક કાળા કલરની બોલેરો લઇને આવેલા અને તેમાંથી બે અજાણ્યા ઇસમો ડમ્પરમાંથી ઉતરેલ અને તપાસ ટીમ સાથે ગાળાગાળી કરી,ખનીજ ભરેલ ડમ્પરને ભગાડી ગયેલ તેમજ રસ્તામાં ખનીજ ખાલી કરી નાખેલ અને ત્યારબાદ તા:-૧/૯/૨૦૨૨ નાં રોજ પણ તેજ ડમ્પર ફરીથી બ્લેક ટ્રેપ ભરેલુ પકડાયેલ જે પણ ડમ્પર માલિક તથા ડ્રાઇવર ભગાડી ગયેલ તેમજ ડમ્પર ચાલક પાસેથી મોબાઇલ તથા ચાવી કબ્જે કરવામાં આવેલ જે અંગેનું રોજકામ કરવામાં આવેલ,જે રોજકામ આ કામે આંક:-૧૭,આંક:-૧૮ થી રજુ થયેલ છે,પરંતુ આ તમામ સાહેદોએ બચાપક્ષની ઉલટ તપાસ દરમિયાન એવુ કબુલ રાખેલ છે કે તેઓએ ટ્રેપ વખતે કોઇ સ્વતંત્ર પંચોની હાજરીમાં પંચનામુ કરેલ નથી તેમજ ટ્રેપ વખતે કોઇ વાહન ચાલક કે અજાણ્યા ઇસમોનાં નામ પણ પુછેલ નહી તેમજ રોડ

પર પડેલ ખનીજનું કોઇ પંચનામુ પણ કરેલ નહી તેમજ તમામ કામગીરીમાં અજાણ્યા ઇસમો તરીકે નામ લખાવેલ છે.તે વાત કબુલ કરેલ છે કે વાહન માલિકની વિગતો આર.ટી.ઓ.કચેરી પાસેથી મેળવેલ તેમજ આર.ટી.ઓ. કચેરી ધ્વારા વાહન માલિકની વિગતો આવ્યા બાદ ફરિયાદ દાખલ કરેલ, વજનકાંટાવાળાનાં કોઇ નિવેદન કે વે–બ્રીજ કચેરીનાં કોઇ સી.સી.ટી.વી. ફુટેજ લીધેલ નથી તેમજ કોઇ મુદામાલ કબ્જે કરેલ નથી કે ફરજમાં રૂકાવટ અંગે કોઇ અલગથી ફરિયાદ પણ કરેલ નથી તેમજ આરોપીઓ કહેવાતુ ખનીજ કયાંથી લાવેલા તેની કોઇપણ માાહિતી નથી.

(૧૬) આમ,ફરિયાદપક્ષનાં તમામ સાહેદોએ પોતાની જુબાનીમાં મોટેભાગે એક સમાન હકીકતો જણાવેલ હોય અને તે રીતે જોતાં આ કામે ફરિયાપક્ષનાં કેસ મુજબ એકજ ડમ્પર ધ્વારા એટલેકે ડમ્પર નં.જી.જે.–૧૨–બી.ડબલ્યુ–૫૪૨૦ ધ્વારા બે વખત એટલેકે તા:–૨૪/૮/૨૦૨૨ તથા તા:–૦૧/૦૯/૨૦૨૨ નાં રોજ ખનીજ ચોરી કરેલ છે તેની ફરિયાદ માત્ર એક વખત આપવામાં આવેલ છે અને તે પણ તા:–૨૦/૦૯/૨૦૨૨ નાં રોજ એટલેકે બનાવ બન્યાનાં ૧૯ દિવસ બાદ દાખલ કરેલ છે અને ફરિયાદ મોડી કરવા બાબતે કોઇ સંતોષકારક ખુલાસો પણ કરેલ નથી.તેવીજરીતે આ કામે ટ્રેપ બાબતે કે રોડ પર પડેલ ખનીજ બાબતે પણ કોઇ પંચનામુ કરવામાં આવેલ નથી કે સ્થળ પર હાજર કોઇ ડ્રાઇવર કે અજાણ્યા ઇસમોનાં નામ પણ પુછેલ નથી કે તેનાં ઓળખ અંગેનાં કોઇ પુરાવા પણ મેળવેલ નથી.તે સંજોગોમાં બનાવ વખતે ખરેખર કોણ હાજર હતુ કે કોણ ડમ્પર ચલાવતુ હતુ કે અજાણ્યા ઇસમો કોણ હતા તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.આ કામે સાહેદોએ પોતાની ઉલટ તપાસમાં કબુલ રાખ્યા મુજબ વાહન માલિકનાં નામો આર.ટી.ઓ.માંથી મેળવ્યા બાદ તેઓ વિરૂધ્ધ ફરિયાદ કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે.આ સિવાય ફરિયાદપક્ષનાં કોઇપણ સાહેદોએ હાલનાં આરોપીઓનાં નામો પોતાની જુબાનીમાં જણાવેલ નથી કે તેઓએ આ ગુન્હા

કામે શું ભાગ ભજવેલ છે તેવું પણ કયાંય જણાવેલ નથી પરંતુ માત્ર ને માત્ર તેઓ વાહન માલિક હોવાથી તેઓની સામે હાલની ફરિયાદ કરી દીધેલ છે.આ સિવાય ફરિયાપક્ષનાં કેસને કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કે કોઈ સ્વતંત્ર પંચોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી તેમજ વળી આંક:–૧૭ તથા આંક:–૧૮ વાળા રોજકામમાં પણ માત્ર ખાણ ખનીજ વિભાગનાં અધિકારી/ કર્મચારીઓની સહીઓ હોય તે સંજોગોમાં આ કામે કોઈ મુદામાલ પણ કબ્જે લેવામાં આવેલ ન હોય કે સ્થળ પર આરોપીઓ હાજર હોવા અંગે પણ લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય તે સંજોગોમાં આંક:–૨૮ થી રજુ થયેલ ફોટોગ્રાફસ તેમજ આંક:–૨૯ થી રજુ થયેલ સી.ડી.તેમજ આંક:–૩૦ થી રજુ થયેલ કલમ–૬૫(બી) નાં સર્ટીફીકેટ આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી કારણકે આ કામે આંક:–૨૯ થી રજુ થયેલ સી.ડી.નો ડેટા આંક:–૨૭ વાળા સાહેદ જયપાલસિંહે પોતાના મોબાઈલમાંથી ડેટા ટ્રાન્સફર કરી તેની સી.ડી.બનાવેલ છે પરંતુ આ કામે સોહદનો મોબાઈલ એફ.એસ.એલ.માં એનાલીસીસ માટે મોકલવામાં આવેલ નથી કે સાહેદે કબુલ રાખ્યા મુજબ તેઓએ આ મોબાઈલ તેમના અધિકારીને આપેલ નથી કે સાહેદ સોફટવેર કે ડેટા ટ્રાન્સફર અંગેનાં નિષ્ણાંત પણ ન હોય તેમજ વળી સાહેદોએ કબુલ રાખ્યા મુજબ તેઓએ ફરજમાં રૂકાવટ અંગે અલગથી કોઈ ફરિયાદ કરેલ ન હોય તે તમામ સંજોગોમાં આ કામે ખરેખર આવો કોઈ બનાવ બનેલો કે કેમ તેમજ જો બનેલો તો કોણ કોણ હાજર હતુ તેમજ કોણે શું રોલ ભજવેલો તેમજ વળી કોઈ મુદામાલ કબ્જે થયેલ ન હોય,મુદામાલ બાબતને કે રેડ બાબતે કોઈ પંચનામા પણ કરવામાં આવેલ ન હોય,કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ ન હોય તેમજ રોજકામમાં પણ માત્ર ફરિયાદપક્ષનાં અધિકારી/કર્મચારીઓની સહીઓ હોય,આરોપીઓનાં કોઈ ઓળખ અંગેનાં આધારો સ્થળ પરથી કબ્જે લેવામાં આવેલ ન હોય,માત્ર હાલનાં આરોપીઓ વાહન માલિક હોવાથી તેઓની વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી દીધેલ હોય તે પણ ઓગણીસ દિવસ મોડી હોય તથા બે બનાવની શા માટે એકજ ફરિયાદ

કરેલ છે તે બાબત પણ શંકાસ્પદ જણાતી હોય અને એ રીતે ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય,મુદા નં.(૧) પરત્વેનો મારો નિર્ણય **<u>નકારમા</u>** આપી મુદા નં.(૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરુ છુ.

**::- <u>હુકમ</u> ::-**

(૧) સદરહુ કામનાં આરોપીઓ નં.**(૧) વિપુલભાઇ કાનાભાઇ બાવા,**અને નં.**(૨) બાબુભાઈ નારણભાઈ આહીર,**રહે.બન્ને ગામ-માથક,તા. અંજારનાંઓને ભારતીય ફોજદારી કાર્ય સંહિતાની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૦, ૧૮૩,૧૮૬,૩૭૮,૩૭૯ તથા માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ ૧૯૫૭ ની કલમ-૪(૧), ૪(૧)(એ) તેમજ ૨૧ તથા ગુજરાત મીનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઇલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ ૨૦૧૭ નાં નિયમ-૩ નાં ભંગ બદલ તથા ૨૧ મુજબ તેમજ રૂલ્સ-૨૨ માં જણાવ્યા મુજબ શીડયુલ-૩(ડી) ની જોગવાઈઓ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(ક) ની જોગવાઈ અન્વયે દરેક આરોપીએ **રૂા.૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** નાં સધ્ધર જામીન અપીલ પિરીયેડ ૬ (છ) માસનાં સમયગાળા માટેનાં આપવા.

આ હુકમ આજરોજ તા:-૨૫ માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ માર સહી કરીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સહી/-
**(એન.પી.રાડીઆ)**
સાતમા અધિક સેશન્સ જજ
ભુજ-કચ્છ.
GJ00621

તા:-૨૫/૦૩/૨૦૨૬
ભુજ-કચ્છ.

( N. P. Radia)
7th Addl. Sessions Judge, Bhuj